# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# POSHAN MAS

રાજ્ય સહિત દેશભરમાં રાષ્ટ્રીય પોષણ માસનો આજથી પ્રારંભ થયો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આજથી 30 સપ્ટેમ્બર સુધી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી શરૂ થઇ છે.

આ વર્ષનો ઉદેશ દેશમાં કુપોષણને નિર્મૂળ કરવાનો છે અને ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી માતાઓ, કિશોરીઓ તેમજ 6 વર્ષ સુધીના બાળકો માટે પોષણના મહત્વને સમજાવવાનો છે. આ વર્ષે રાષ્ટ્રીય પોષણ માસની વિષય-વસ્તુ "તમામ માટે પોષ્ટીક આહાર" છે. આ અભિયાનમાં આંગણવાડીને સક્ષમ બનાવવાનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે.

# RAIN- SAHAY CHUKVNI

દાહોદ જિલ્લામાં મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા વરસાદથી થયેલ નુકસાન માટે અસરગ્રસ્તોને સહાય વિતરણ કરવામાં આવી. મંત્રીએ ધાનપુર તાલુકાના 31 કાચા મકાનો અને પશુઓ માટે કુલ 1 લાખ 24 હજાર જેટલી સહાયના ચેકનું વિતરણ કર્યું. મંત્રીએ સરપંચો તેમજ ગામ અગ્રણીઓ સાથે વરસાદથી થયેલ નુકસાન અને ગામના વિકાસકાર્યો વિશે ચર્ચા પણ કરી હતી. સહાય મેળવનાર અસરગ્રસ્ત નાગરિકોએ સહાય સમયસર પહોંચાડવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

ડાંગ જિલ્લામાં પણ 9 પૈકી પાંચ કેસમાં 4 લાખ મુજબ કુલ 20 લાખની નાણાંકીય સહાય મૃતકના પરિવારજનોને ચૂકવી દેવામાં આવી છે. જ્યારે અન્ય 4 કેસોની કાર્યવાહી ચાલી રહી છે. આ ઉપરાંત જિલ્લામાં નોંધાયેલા પશુ મૃત્યુના કેસમાં, પશુમાલિકોને સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત ઘરને થયેલા નુકશાન તેમજ કાચા મકાનોને થયેલા આંશિક નુકશાન બદલ નાણાંકીય સહાયની ચૂકવણી કરી દેવામાં આવી..

(બાઇટ-યોગેશ ચૌધરી)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે.

જ્યારે આવતીકાલે સૌરાષ્ટ્રના ભાવનગર, દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચમાં, મધ્ય ગુજરાતના આણંદ, પંચમહાલ અને દાહોદમાં ભારે વરસાદની શક્યતા છે. તેમ જ વડોદરા, છોટાઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં માત્ર નવ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા અનુસાર, સૌથી વધારે 24 મિલીમીટર વરસાદ સુરત શહેરમાં અને ભાવનગરમાં 15 મિલીમીટર વરસાદ વરસ્યો છે.

તો દેવભૂમિ દ્વારકા જીલ્લાના ઓખા, સલાયા, વાડીનાર બંદર પર બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

# SAURASHTRA LOK MELA

જામનગર શહેર અને જિલ્લામાં મેઘરાજાએ વિરામ લીધા પછી જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત શ્રાવણી મેળો કે જે આજથી પુનઃ શરૂ થઈ ગયો છે, અને મશીન મનોરંજનની રાઈડ ચાલુ કરવા માટેની જામનગર મહાનગરપાલિકા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેથી લોકોને મેળાનું મનોરંજન મળતું થયું છે.

જો કે, ખાણી પીણીના સ્ટોલ, આઈસ્ક્રીમ બુથ અને રમકડા સ્ટોલ વગેરેના સંચાલકોએ મેળા રદ કરીને પોતાની ડિપોઝિટ પરત માગી છે. સાથોસાથ આ

લોકમેળાની સમયમર્યાદા વધારવાની પણ તંત્ર દ્વારા વિચારણા થઇ રહી છે. જોકે પૂરને કારણે રંગમતી નદીના મેળાનું આયોજન સંપૂર્ણ પણે રદ કરી નાખવામાં આવ્યું છે.

બીજી તરફ, દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે મીની તરણેતર સમાન શિરેશ્વર લોક મેળો છઠ્ઠીથી નવમી સપ્ટેમ્બર સુધી યોજાશે.. લોકમેળાની તૈયારીઓને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે..પંચાયત દ્વારા સરકારની માર્ગદર્શિકા મુજબ સોઈલ ટેસ્ટ કરાવવામાં આવ્યું..

# UPSC EXAM RAJKOT

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આજે દેશભરમાં નેશનલ ડિફેન્સ એકેડેમી, નેવેલ એકેડેમી પરીક્ષા અને કમ્બાઈન્ડ ડીફેન્સ સર્વિસ પરીક્ષા લેવામાં આવી રહી છે.

રાજકોટના ત્રણ પરીક્ષા કેન્દ્રો પર અંદાજે 831 ઉમેદવારો આ પરીક્ષા આપી રહ્યા છે. કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે સવારથી પરીક્ષા શરૂ કરવામાં આવી હતી. જેમાં ઉમેદવારોની ઝિણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. સદગુરુ મહિલા કોલેજ, આઈ. પી. મિશન અને કે.એન. કણસાગરા કોલેજમાં આ પરીક્ષા લેવાઇ રહી છે.. આ સાથે જ પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવીની સાથે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે..

# NARI GAURAV NITI-2024

રાજ્યમાં નારી ગૌરવ નીતિનું પુનઃ ઘડતર કરાયું છે. જે મહિલાઓના સશકિતકરણ અને આર્થિક ઉત્થાન માટે મહત્વની પુરવાર થશે..

નારી ગૌરવ નીતિ-૨૦૨૪માં મહિલાઓના સર્વાંગી વિકાસ, આધુનિક વિકાસ તેમજ તકનીકી વિકાસને અનુલક્ષી અગાઉની નીતિ પ્રમાણે ૮ ક્ષેત્રોનો સમાવેશ કરેલ છે, જેમાં શિક્ષણ અને રમતગમત, હિંસા અને સુરક્ષા, આરોગ્ય,

પોષણ અને જીવનની ગુણવત્તા, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, સામાજિક સુરક્ષા અને કલ્યાણ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી અને આર્થિક પર્યાવરણની સાથેસાથે વહીવટ અને નિર્ણય-શક્તિનો સમાવેશ થાય છે. આ નીતિના અમલીકરણથી મહિલાઓનો સર્વાંગી વિકાસ થશે તેવો સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## MORBI- YUVAK MOT

મોરબી જિલ્લાના ટંકારાના વીરપર ગામે તળાવમાં ડૂબી જતા બે વ્યક્તિઓના મોત નિપજ્યાં છે. મોરબી અગ્નિશમન દાળ દ્વારા બંને મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. બનાવ અંગે જાણ કરતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## JAMNAGAR-PGVCL- MULU BERA

જામનગર જિલ્લામાં કેબિનેટમંત્રી મુળૂભાઈ બેરાના અધ્યક્ષસ્થાને અતિવૃષ્ટિ બાદની પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. મંત્રીએ વિવિધ વિભાગ દ્વારા હાલ થઈ રહેલી કામગીરીની માહિતી મેળવી હતી. જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાની અંગેનો સરવે કરવા માટે હાલ 123 ટીમ કાર્યરત્ છે.